વિચરતી-વિમુકત જાતિના તકનીકી અને
વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા
વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૨/ન.બા./૪૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૦/૪/૨૦૧૨

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૦-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૧/૩૫૨/ન.બા..૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૭/૧/૨૦૧૨ નો પત્ર ક્રમાંક:વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૧-૧૨/૧૦૯

ઠ રા વ:-

વિચરતી વિમુકત જાતિના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા. ૨૦-૪-૨૦૧૧ ના ઠરાવથી વિચરતી વિમુકત જાતિના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨૫૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. તેમજ આ યોજનામાં વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં ૨૫,૦૦૦/-ની છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા. ૨૭/૧/૨૦૧૨ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

વિચરતી વિમુકત જાતિના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા સ્ટાઇપેન્ડ માસિક રૂ. ૨૫૦/-ના બદલે રૂ. ૪૦૦/- કરવા તથા આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૨૫,૦૦૦/- છે તેના બદલે ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નક્કી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૯.૦૦ લાખ( અંકે રૂપિયા નવ લાખ પુરા)ની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજનાનું નામ "વિચરતી વિમુકત જાતિના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની સ્વામી વિવેકાનંદ યોજના" રાખવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના

વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) સને ૨૦૧૧-૧૨ ના વર્ષની જોગવાઇમાંથી કોઇ નવી બાબત માટે ખર્ચ કરવાનો રહેશે નહીં. સિવાય કે આ નવી બાબત માટે જરૂરી બજેટ જોગવાઇ કરવામાં આવી હોય.

(૫) આ યોજનાનો સૂચારૂ અમલ થાય તે માટે સમયાંતરે સમીક્ષા માટેની ચોકકસ વ્યવસ્થા નિયામકશ્રી(વિ.જા)એ ગોઠવવાની રહેશે.

(૬) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૭) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-03 પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (03) બીસીકે-૮૩ તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ (વિચરતી-વિમુકત) સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૧૦-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. જે. મન્સુરી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.